મહત્તમ : ૨૮.૨ ડીગ્રી
લઘુતમ : ૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૪૨ ટકા

ગાંધીનગર તાપમાન

ખ-૩ સર્કલનું ટ્રાફિક સિગ્નલ રોડ નં.૩ના વાહનચાલકો માટે નડતરરૂપ...!!

ખ-૩ સર્કલ અને વાવોલનું ફાટક નજીક-નજીક હોવાથી વાહન ચાલકો માટે બેવડી પરેશાની : ગ્રીન સિગ્નલનો માત્ર ૧૫ સેકન્ડનો સમયગાળો ખૂબ ઓછો પડતો હોવાની રાવ

ગાંધીનગર, તા.૨૧

રાજયના 'સ્માર્ટ' પાટનગરમાં હવે ચૌરે અને ચૌટે ટ્રાફિક સિગ્નલ લાગી ચુકયાં છે. જો કે શહેરમાં કેટલેક ઠેકાણે ટ્રાફિક વધુ ના રહેતો હોવા છતાં ટ્રાફિક સિગ્નલ ચાલુ કરી દેવાયા છે જે અડચણરૂપ છે તેવી વાતો પણ ચાલી રહી છે તે જ રીતે કેટલાક સર્કલ પર ટ્રાફિક સિગ્નલની ગ્રીનલાઈટનો સમય માત્ર ૧૫ સેકન્ડ જેટલો રખાયો છે જે પણ ખૂબ ઓછો હોવાથી વાહનચાલકો માટે પરેશાનીરૂપ બની રહ્યાં છે તેવી સ્થિતિ અનુભવાઈ રહી છે. શહેરના ખ-૩ સર્કલે શરૂ કરવામાં આવેલા ટ્રાફિક સિગ્નલ્સ પર એક તરફ ગ્રીન સિગ્નલનો સમય ઓછો પડી રહ્યો છે બીજી તરફ ખૂબ નજીકમાં જ વાવોલનું ફાટક હોવાથી તે તરફના વાહનચાલકો માટે પરેશાની બેવડાઈ જતી પણ જોવામાં આવી રહી છે.

શહેરમાં પથિકાશ્રમ એસટી ડેપોથી વાવોલ-ઉવારસદ-કલોલ તરફ જતા માર્ગ નં. ૩ પર આખરી ચાર રસ્તા ખ-૩ સર્કલે પણ ટ્રાફિક સિગ્નલ શરૂ કરાયા છે. મહાત્મા મંદિર તેમજ ઉત્તર ગુજરાત તરફના વાહન વ્યવહારના વધતા લોડને અનુલક્ષીને ખ-રોડ પર ટ્રાફિક સિગ્નલ્સ શરૂ કરાયાં તે અંતર્ગત ખ-૩ સર્કલને પણ આવરી લેવામાં આવ્યું છે. પરંતુ આ સર્કલે માર્ગ નં. ૩થી વાવોલ તરફ જતા આવતા વાહન વ્યવહાર માટે થોડું અગવડભર્યું અનુભવાઈ રહ્યું છે. દિવસ દરમિયાન ઘણી બધી વાર વાવોલનું આ રેલવે ફાટક બંધ થતું હોય છે કેમ કે નિયમિત ટ્રેનો તથા માલગાડીઓની અવરજવર ચાલુ હોય છે. આ કારણે વાવોલ તરફ જતા વાહનચાલકોને ઘણીવાર ખ-૩ સર્કલે રેડ સિગ્નલનો સામનો કર્યા પછી માંડ ગ્રીન ચાલુ થાય તેમાં પણ માત્ર ૧૫ સેકન્ડના સમયમાં તેમનો નંબર લાગે તો સામે વાવોલનું ફાટક બંધ હોય તેવી સ્થિતિ સર્જાય છે. જો ૧૫ સેકન્ડના સમયમાં સર્કલ ક્રોસ કરવા માટે નંબર ન લાગી શકે કેમ કે આટલા ટુંકા સમયગાળામાં માંડ છ સાત ફોર વ્હિલર-કાર સ્ટાર્ટ થઈ પસાર થઈ શકે છે. તે સ્થિતિમાં ખ-૩ થી વાવોલ ફાટક બંધ હોય તે ખુલેને પસાર કરો ત્યાં સુધીમાં માત્ર અડધા કિમીથી પણ ઓછા અંતરને પસાર કરતા ૨૦ થી ૩૦ મિનીટનો સમય નીકળી જાય છે. આ સંજોગોમાં ખાસ કરીને ફોર વ્હિકલ વાહન ચાલકો તેમજ વાવોલ-પથિકાશ્રમ વચ્ચે દોડતી રીક્ષાઓ વગેરેને ભારે પરેશાનીનો સામનો કરવો પડે છે. તેજ રીતે વાવોલનું ફાટક બંધ હોય અને ગામ તરફથી આવતા વાહનચાલક તેમાંથી માંડ બહાર આવે ત્યાં સામે જ ખ-૩ સર્કલે રેડ લાઈટ દેખાતા નિરાશા ઉપજે છે. આ સંજોગોમાં ખ-૩ સર્કલે ટ્રાફિક સિગ્નલમાં ગ્રીનલાઈટનો સમયગાળો ખાસ કરીને રોડ નં.૩ તરફના વાહનચાલકો માટે વધારવાની માંગ પ્રવર્તતી જણાઈ રહી છે.

દેશમાં ગરીબો અને તવંગરો વચ્ચે ખાઈ વધી રહી છે. તાજેતરમાં જ આવા અહેવાલો અખબારોમાં ચમકયાં... વિકાસશીલ દેશોમાં ધનિકો વધુ ધનવાન બની રહ્યા છે અને ગરીબો વધુને વધુ ગરીબ... વિકાસની ગાડી કયાંક આડા રસ્તે ફંટાઈ ગઈ છે. આર્થિક યોજનાઓનો લાભ માત્રને માત્ર અમીરોને જ થઈ રહ્યો છે તે દીવા જેવી સ્પષ્ટ વાત છે. આ બધાની વચ્ચે ગરીબો અને મધ્યમ વર્ગીયલોકો પીસાઈ રહ્યા છે. તેઓ એકબીજાનો સહારો બની સારા દિવસોના સપના જોઈ રહ્યા છે. આર્થિક સંકડામણમાં પીસાતા એવા ઘણા લોકો આપણી આસપાસ જોવા મળે છે જેઓ નાની નાની ચીજવસ્તુઓ ખરીદવામાં પણ આર્થિક મુશ્કેલીઓનો સામનો કરે છે. બીજા સામે તેમને હાથ ફેલાવતા સંકોચ થાય છે. શહેરમાં ઠેર ઠેર બનાવાઈ રહેલ 'સૌની દિવાલ' આવા લોકો માટે આશીર્વાદ સમાન બની રહી છે. આપણે ભલે તેમને આર્થિક મદદ ન કરી શકીએ પરંતુ ઘરમાં બીનઉપયોગી હોય તેવા કપડાં, જૂતાં, પુસ્તકો અને અન્ય જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ આપી તેમને એટલી મદદ તો ચોકકસ પહોંચાડી શકીએ.... સે-૧૭માં બનાવાયેલી આવી 'સૌની દિવાલ' ગરીબ ગુરબાંઓ માટે સહારો બની રહી છે.

સંગીની ફોરમ દ્વારા ઊર્જા બચત અવેરનેસ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૧

જૈન સોશ્યલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશન ગુજરાત રિજીયન હેઠળ સંચાલિત ગાંધીનગર સંગીની ફોરમ દ્વારા તા. ૧૧ અને ૧૨ જાન્યુઆરીના રોજ ઊર્જા બચત અવેરનેસ તથા ચેરિટી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સ્થાનકવાસી ઉપાશ્રય ખાતે બિરાજમાન પ.પૂ.સાધ્વીજી મહારાજ દ્વારા ફોરમની મહિલાઓને ધાર્મિક કિવઝ રમાડવામાં આવી હતી તથા નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ઘરમાં ઊર્જા બચત પર નિદર્શન આપી ફોરમની મહિલાઓને ઘરમાં ઊર્જા બચત પર નિદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગરિમાપૂર્ણ વસ્ત્ર પરિધાન અને વાનગી સ્પર્ધાનું આયોજન કરાયું હતું. તથા આ દિવસે સંગીની ફોરમની બહેનો દ્વારા ગરીબોમાં ગરમ કપડાં અને ચીકીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રમુખ જાગૃતિબેન સંઘવી, ઉપપ્રમુખ નેહલબેન ટોલીયા, સેક્રેટરી ભારતીબેન શાહ, સહમંત્રી શિલ્પાબેન શાહ, ખજાનચી મોનાબેન શેઠ તથા તમામ કારોબારી સભ્યો, ભાવિનાબેન શાહ, દિપીકાબેન કોટડીયા, નીતાબેન શાહ, જાગૃતિબેન લાખાણી, રૂપાબેન શાહ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. કાર્યક્રમમાં ફોરમના સ્થાપક પ્રમુખ નીતિકાબેન શાહ તથા ઈમીડીએટ પાસ્ટ પ્રેસિડન્ટ નીનાબેન ઝાટકીયા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

'દો બુંદ જીંદગી કી...' દેશમાંથી પોલીયોને ભગાડવા માટે રાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા પલ્સ પોલીયોના અભિયાનને ખૂબ સફળતા મળી રહી છે. આરોગ્ય કર્મીઓની સાથે સાથે હવે ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ આ અભિયાનનો ભોગ બની બાળકોને રસી પીવડાવી તેમને પોલીયો સામે રક્ષણ આપી રહી છે. રાષ્ટ્રવ્યાપી પલ્સ પોલીયો અભિયાનના ભાગરૂપે સેકટર-૬ની ઝુંપડપટ્ટીમાં ફરી આરોગ્ય કર્મીઓએ બાળકોને પોલીયોની રસીના ટીંપા પીવડાવ્યા હતા.

મોબાઈલ પર મળેલી લીંક ઓપન કરતા જ એકાઉન્ટમાંથી બે લાખ રૂપીયા ઉપડી ગયા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ઈન્ફોસીટી ખાતે ખાનગી કંપનીમાં છેલ્લા અઢી વર્ષથી ફરજ બજાવતી અને અડાલજ ખાતે રહેતી મધ્યપ્રદેશની યુવતિ પ્રિયંકા અખિલેશકુમાર વર્માના મોબાઈલ ફોન પર એક ફોન આવ્યો હતો. ત્યારબાદ યુવતિના મોબાઈલ પર ટેકસ મેસેજ પર મળેલી લીંક પર કલીક કરતા જ તેણીના બેંક એકાઉન્ટમાંથી બે લાખ ઉપડી ગયા હતા. બનાવ અંગે પ્રિયંકા વર્મા એ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ઈન્ફોસીટી ખાતે ગત તા.૧૬ જાન્યુઆરીના રોજ પ્રિયંકા કુમારી વર્મા પોતાની ફરજ પર હાજર હતી. ત્યારે બપોરના સુમારે તેણીને અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો જેમાં સામેવાળા શખ્સે કહ્યું હતુ કે ગુગલ પે પર તેમને કુપન મળે છે. જેથી યુવતીએ હા પાડીને ફોન કટ કરી દીધો હતો. થોડીવાર પછી યુવતીના મોબાઈલ પર ત્રણ ટેકસ મેસેજ આવ્યા હતા જેમાં ત્રણ લીંક હતી. જેના પર કલીક કર્યા પછી તા.૧૯ મી ના રોજ તેના એકાઉન્ટમાંથી રૂ.૭૫ હજાર કપાઈ ગયા હતા અને પછી પાછા આવી ગયા હતા. ત્યારબાદ યુવતિના એકાઉન્ટમાંથી ૯૯,૯૯૫ રૂપીયા કપાઈ ગયા હતા જેથી તેણે ડેબીટ કાર્ડ બ્લોક કરાવ્યું હતું. જો કે બીજા દિવસે બીજા રૂ.૯૯,૯૯૬ કપાઈ ગયા હતા. જેથી યુવતિએ તા.૨૦ મી એ બેંકમાં જઈને તપાસ કરતા જુદા જુદા ટ્રાન્ઝેકશનામાં તેણીના એકાઉન્ટમાંથી કુલ રૂ. ૧,૯૯,૯૯૧ ઉપડી ગયા હોવાનું સામે આવ્યું છે. પોલીસે યુવતિની ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાચવીને વાહન હંકારવાનું કહેવાનું વડીલને ભારે પડ્યું

ગાંધીનગર, તા.૨૧

ઘ માર્ગ પર સેકટર-૧૭ જવાના કટ પાસે ઓવરટેક કરવાના મામલે સેકટર-૨૨ ખાતે રહેતા બે નાગરીકો વચ્ચે સામાન્ય બાબતે મારામારીની ઘટના ઘટી છે. આ અંગે સામ-સામે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૨ બ્લોક નં.૧૧-પ ચ ટાઈપ ખાતે રહેતા કરણસિંહ જીવણજી વાઘેલાએ નોંધાવેલી ફરીયાદ મુજબ તેઓ પાણી પુરવઠા બોર્ડ ખાતે હેડ કલાર્ક તરીકે ફરજ બજાવે છે. સવારે ૧૦ વાગ્યાના અરસામાં તેઓ પોતાની અલ્ટો કાર લઈને ઓફિસ તરફ જઈ રહ્યા હતા તે સમયે સેકટર-૧૭ ના કટ પાસે એક બાઈક ચાલકે અચાનક કારની સાઈડ મારી હતી. તેથી તેને બુમ પાડીને સાચવીને વાહન હંકારવાનું કહેતા બાઈક ચાલક પૃથ્વીરાજસિંહ સતુભા રાઠોડે બાઈક માર્ગની બાજુમાં ઉભુ રાખી દીધુ હતું. તેણે ફરીયાદીને કારમાંથી નીચે ઉતારી માથામાં ફેંટો મારી, આંગળીઓ મરોડી પીઠના ભાગે લાતો મારી હતી. નાગરીકો એકઠા થઈ જતા પોલીસે તેમને વધુ મારમાંથી બચાવ્યા હતા.

તો બીજી તરફ મહિલા અને બાળ વિકાસ ડેવલપમેન્ટમાં કરાર આધારીત ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે કામ કરતા પૃથ્વીરાજસિંહ સતુભા રાઠોડે ફરીયાદ નોંધાવી છે કે તેઓ હાલ સેકટર-૨૨ ખાતે બ્લોક નં.૧૦-૩ ચ ટાઈપ ખાતે વસવાટ કરે છે. તેઓ બાઈક લઈને જઈ રહ્યા હતા તે સમયે અલ્ટો કારની સાઈડ મારી હતી. જેથી ઉશ્કેરાઈને કાર ચાલકે તેમને માર મારવાનું શરુ કર્યું હતું અને પોતાના દિકરા તેમજ તેના મિત્રોને બોલાવ્યા હતા. અજાણ્યા માણસોએ ભાગે થઈને માર મારતા ડાબી આંખ નજીક ઈજા પહોંચતા ટાકા લેવા પડ્યા હતા. સિવિલમાં સારવાર માટે એડમીટ થયા પછી પૃથ્વીરાજસિંહે આ અંગે દિગ્વિજયસિંહ કરણસિંહ વાઘેલા, કરણસિંહ જીવણજી વાઘેલા અને બે અજાણ્યા શખ્સો સામે સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

હાલની ઠંડીમાં સ્વિમરો માટે સ્વિમીંગ કરવું પડકારજનક રહે છે ત્યારે પોરબંદર ખાતે યોજાયેલ સ્વિમીંગ સ્પર્ધામાં ગાંધીનગર સે-૨૧ જીમખાનાના તરણવીરોએ ભાગ લીધો હતો. જેમાં ત્યાંના કોચ દ્વારા તૈયાર કરેલ ૧૫ સ્વીમર્સમાંથી ચિરાગ પટેલ તથા આરવ પટેલે મેડલ પ્રાપ્ત કર્યો છે તથા બાકીના સ્વીમર્સે અલગ અલગ અંતરની સ્વિમીંગ સ્પર્ધામાં ભાગ લઈને સચિવાલય જીમખાનાનું ગૌરવ વધાર્યું છે.

ગાંધીનગરની વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલ તથા વસાહત મંડલના ઉપપ્રમુખ જે.જે. ત્રિવેદીના ૭૫ વર્ષ પૂર્ણ થયેલા હોઈ તેમના નિવાસસ્થાને ભવ્ય સુગમ સંગીત કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, પેન્શનર સમાજના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિ, સે-૫ યોગ પરિવારના અગ્રણી સુરેન્દ્રસિંહ વાઘેલા, નટુભાઈ પટેલ, આર.જી. દવે, નરેશભાઈ પરમાર, વાસુદેવભાઈ સુથાર, વિનોદ ભટ્ટ તથા વસાહતીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

અડાલજની બાપા સીતારામ હોટલ ખાતે ચાર શખ્સોએ ધમાલ મચાવી

અડાલજ બાપા સીતારામ હોટલ ખાતે ગતરોજ રાત્રીના એક વાગ્યાના અરસામાં ચાર પીધેલા યુવકો હોટલમાં આવી પહોચ્યા હતા. ચારેય શખ્સોએ કારીગરો સાથે ઝઘડો કરતા સ્ટાફનો ફોન જતા બ્રિજેશ તિવારી આવી પહોંચ્યા હતા. તેઓએ ચારેય શખ્સોને સ્ટાફ સાથે ગાળાગાળી નહી કરવા માટે સમજાવતા એક શખ્સે ધારદાર કટર કાઢીને તેમને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. તે સમયે સ્ટાફના કર્મચારીઓએ પોલીસને જાણ કરતા પોલીસ આવી પહોંચતા ચારેય શખ્સોને અડાલજ પોલીસ મથક લઈ જવાયા હતા. જયાં હોટલ માલિકની ફરીયાદને પગલે પોલીસે અમદાવાદના પ્રભાતસિંહ દિપસિંહ ચાવડા (ઉં.વ.૩૪ બાપુનગર), જીતેન્દ્રસિંહ વિશ્વનાથસિંહ ચૌહાણ (ઉં.વ.૩૬ વિરાટનગર નિકોલ), જીગ્નેશ મનુભાઈ બારોટ (ઉં.વ.૩૮ખોખરા), તેમજ તરૂણ તારાચંદ શર્મા (ઉં.વ.૨૮ મેઘાણીનગર) સામે ગુનો નોંધ્યો હતો. તો બીજી બાજુ ચારેય શખ્સો દારુ પીધેલા હોવાથી તેમની સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર પોલીસ દળની ટીમ હેન્ડબૉલ ટૂર્નામેન્ટમાં વિજેતા બની

સેકટર-૨૭માં રમાયેલી ડીજીપી કપ ટૂર્નામેન્ટની ફાઈનલમાં ગાંધીનગર રેન્જ પોલીસ ચેમ્પિયન : રાજયકક્ષાની ત્રિદિવસીય ટૂર્નામેન્ટમાં આઠ ટીમોએ ભાગ લીધો હતો

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત પોલીસ દળમાં શિસ્ત અને શારીરિક ફિટનેસની તેમજ ટીમ સ્પિરીટની ભાવના ઉદભવે તથા પોલીસ દળમાં રમત ગમત પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે તે સાથે વિવિધ સ્તરના અધિકારીઓ તથા કર્મચારીઓ વચ્ચે સદભાવના કેળવાય તેમજ રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ યોજાતી રમત ગમતની સ્પર્ધાઓ પોલીસ ખાતામાંથી પણ પ્રતિભાશાળી ખેલાડીઓ પ્રાપ્ત થઈ શકે તે માટે રાજયના પોલીસવડા દ્વારા દર વર્ષે જુદી જુદી રમતો માટે ડીજીપ કપ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. ડીજીપ કપ માટે રમાતી આ સ્પર્ધા અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦ માટે ગાંધીનગર જિલ્લામાં હેન્ડબોલ ટૂર્નામેન્ટનું આયોજન સે-૨૭માં જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં આજે ફાઈનલ મેચમાં ગાંધીનગર રેન્જ પોલીસની ટીમ વિજેતા બની હતી. ડીએસપી મયુરસિંહ ચાવડા તથા ડીવાયએસપી એમ.જે. સોલંકી દ્વારા તા. ૧૯ થી ૨૧ જાન્યુઆરી દરમિયાન હેન્ડબોલની રમત માટે 'ડીજીપી કપ' ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સે-૨૭ની ડીએસપી કચેરીના ગ્રાઉન્ડ પર રમાયેલી ટૂર્નામેન્ટમાં ગુજરાત પોલીસ દળની ૮ ટીમોએ ભાગ લીધો હતો. આજે આ ટૂર્નામેન્ટની ફાઈનલ મેચ રમાઈ હતી. જેમાં ગાંધીનગર રેન્જ પોલીસ ટીમ તથા ગાંધીનગર રેન્જ હથિયારી પોલીસ એસઆરપી ટીમ વચ્ચે ટકકર યોજાઈ હતી. આ મેચમાં ગાંધીનગર રેન્જ પોલીસે વિજેતા બનવા સાથે 'ડીજીપ કપ ૨૦૧૯-૨૦ હેન્ડબોલ ટૂર્નામેન્ટ'નું ટાઈટલ મેળવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધામાં ૧૫૦ જેટલાં પોલીસ અધિકારીઓ-કર્મચારીઓએ ભાગ લીધો હતો. વિજેતા ટીમને ટ્રોફી એનાયત કરવા સાથે જિલ્લા પોલિસ અધિક્ષક સહિતના અધિકારીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

તાન્હાજી
૯.૩૫, ૧૦.૩૦, ૧.૦૦, ૩.૫૦, ૬.૪૦, ૯.૩૦, ૧૦.૩૦

જય મમ્મી દી
૧૦.૩૫, ૧૨.૫૫, ૩.૧૫, ૮.૧૫, ૧૦.૩૫

ગુડ ન્યુઝ
૧.૧૫, ૧૦.૨૦

છપાક - ૧.૩૦, ૫.૩૫

બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)
૪.૧૦

કેમ છો? (ગુજરાતી)
૪.૦૫, ૧૦.૧૫

પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

તાન્હાજી
૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦

જય મમ્મી દી
૧૦.૩૦, ૧૨.૩૫, ૫.૩૦, ૧૦.૨૫

ગુડ ન્યૂઝ
૯.૪૦

છપાક - ૩.૫૫

બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)
૧.૦૫

કેમ છો? (ગુજરાતી)
૬.૪૦

સિટી પલ્સ, કુડાસણ

તાન્હાજી
૧૧.૪૫, ૧.૦૦, ૨.૩૦, ૪.૦૦, ૫.૩૦, ૭.૦૦, ૮.૩૦, ૯.૩૦, ૧૦.૦૦

છપાક - ૧.૦૦, ૯.૩૦

જય મમ્મી દી
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૦૦

ગુડ ન્યુઝ
૯.૪૫, ૫.૦૦

કેમ છો? (ગુજરાતી)
૭.૦૦

હેલ્લારો (ગુજરાતી)
૪.૦૦

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

તાન્હાજી
૧૦.૪૦, ૧.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૯.૦૦, ૧૦.૦૦

છપાક - ૧૨.૨૫, ૭.૩૦

ગુડ ન્યુઝ
૧૦.૨૦, ૭.૨૫

જય મમ્મી દી
૧૦.૦૫, ૩.૦૦, ૫.૧૫, ૧૦.૦૫

બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)
૯.૩૦

કેમ છો? (ગુજરાતી)
૧.૧૦, ૧૦.૧૫

@ગાંધીનગર

● લોહારણા વંશના છેલ્લા રાજવી પ.પૂ. વીરાદાદા જસરાજ શહિદદિન નિમિત્તે સાંજે ૬ વાગ્યે જલારામ મંદિર સે-૨૯ ખાતે લોહાણા સમાજ દ્વારા શ્રધ્ધાંજલિ અર્પણ કરાશે.

ધો-૯ પ્રખરતા શોધ કસોટીના વિદ્યાર્થીઓ જોગ

ગાંધીનગર, તા.૨૧

ધો-૯ના વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર લાવવા માટે આયોજીત થતી પ્રખરતા શોધ કસોટી તા. ૫ ફેબ્રુઆરીના રોજ યોજાશે. જે અંતર્ગત આ કસોટી આપનાર પરીક્ષાર્થીઓની હોલ ટિકીટ તા. ૨૪ જાન્યુઆરીના રોજ બપોરે ૧૨ વાગ્યાથી બોર્ડની વેબસાઈટ **gseb.org** અથવા **tst.gsebht.in** પરથી ડાઉનલોડ કરી શકાશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સંયુકત નિયામક બી.એન. રાજગોર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજયની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યોને જણાવેલ વેબસાઈટ પરથી શાળા દ્વારા ડાઉનલોડ કરીને પ્રિન્ટ કાઢી, ખરાઈ કરી, પરીક્ષાર્થીની અને વર્ગશિક્ષકની સહી સાથે આચાર્યના સહીસિક્કા કરીને પરીક્ષાર્થીને આપવા તથા આ બાબનતી નોંધ લઈ સમય મર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા જણાવાયું છે.